## 1. ટૂંકનોંધ લખો : વિશ્વ રાજકારણ સામે આર્થિક કટોકટી

- સદીઓથી કુદરતી સંસાધનો પર નિયંત્રણ કરવા માટે અને નિયંત્રણ ટકાવી રાખવા વિવિધ રાજ્યો (દેશી) અંદરો અંદર યુદ્ધો કરતા આવ્યાં છે. આજે આ યુદ્ધો વ્યાપાર, બજાર અને કાચામાલ સામાન મેળવવા માટેના સંઘર્ષો તરીકે બહાર આવે છે. દ્વિતિય યુદ્ધ પછીની બે મહાસત્તાઓ (U.S.A. અને U.S.S.R.) અને તેઓની મૂડીવાદી કે સામ્યવાદી વિચારધારાઓએ વિશ્વને બે ભાગમાં વિભાજીત કર્યું.
- જે વર્તમાન સમયમાં આર્થિક રીતે વિકસીત અને વિકાસશીલ એક અલગ  અલગ અસાન રાષ્ટ્રો તરીકે ઓળખાયા. મૂડીવાદી વિચારસરણીના વપતા વ્યાપે બહુરાષ્ટ્રીય કંપનીઓ (ખાસ કરીને શરા ઉત્પાદનો કરતી કંપનીઓ)નું વર્ચવ્ય વધાર્યું. બહુરાષ્ટ્રીય કંપનીઓનું વૈશ્વિક રાજકારણમાં દિનપ્રતિદિન પ્રભુત્વ વધતું રહ્યું છે. તેઓ વિશ્વની અનેક સત્તાધીશોને (રાષ્ટ્રો) આંતરિક કે બાહ્ય રીતે નબળાં પાડે છે. વૈશ્વિકીકરણના યુગમાં બજારો એકબીજા સાથે સંકળાયેલા હોવાથી તેજીમંદિની અસર સમગ્ર વિશ્વ પર વતયિ છે. આ પ્રવૃત્તિને નિયંત્રણ કરનાર કોઈ એક વ્યવસ્થા આજ દિન સુધી જોવા મળતી નથી.

## 2. ટૂંકનોંધ લખો : વિશ્વ રાજકારણ સામે સાંસ્કૃતિક કટોકટી

- ખાપ પંચાયત, તલાક કે જેહાદ જેવા શબ્દો આજે આપણને વિચારતા કરી દે છે. વિશ્વના પ્રત્યેક રાજય (દેશ)નું પોતાનું આગવું કલ્ચર (સંસ્કૃતિ) છે. આ સંસ્કૃતિના સાચા અને સારા પાસાંનું જતન અને સંવર્ધન થવું જોઈએ. પરંતુ ધાર્મિક કટ્ટરતા, અસમાનતા કે કોટિક્રમ વર્ણ વ્યવસ્થાને ટકાવી રાખવાની જહેમત તો વિશ્વના અનેક દેશોમાં લોકશાહી, માનવહક્કો, વિજ્ઞાનના પ્રચારપ્રસાર થાય છે.
- પરિણામે વિશ્વ સાંસ્કૃતિક રીતે બે ભાગમાં વહેંચાઈ જાય છે. વિવિધ મુદ્દાઓને લઈ બે અલગ  અલગ વિચાર સરણીઓ એક  બીજાની સામે આવે છે. પરિણામે એક નવી સાંસ્કૃતિક કટોકટી અસ્તિત્વમાં આવે છે. વિશ્વની કેટલીક સંસ્કૃતિઓ અન્ય સંસ્કૃતિઓના આક્રમણ સામે પોતાની સંસ્કૃતિ ભૂંસાઈ ન જાય તે માટે પોતાની ઓળખ (અસ્મીતા) ટકાવી રાખવા ચિંતિત છે જેને ઓળખની કટોકટી તરીકે ઓળખવામાં આવે છે.
- પરંતુ, સારી બાબત એ છે કે શિક્ષણ દ્વારા બિનસાંપ્રદાયિક મૂલ્યોના પ્રચારપ્રસારને કારણે કે આધુનિક પ્રચાર માધ્યમો (સોશીયલ મીડિયા)ના વધતા જતા વ્યાપોએ વ્યક્તિઓ અને રાજયો (દેશી)ને અન્ય સાથે જોડવાનું કામ કર્યું છે.

## 3. ટૂંકનોંધ લખો : વિશ્વ રાજકારણ સામે રાજકીય કટોકટી

- વૈશ્વિકરાજકારણે અત્યાર સુધી સંસ્થાનવાદ, સામ્રાજયવાદ બે વિશ્વયુદ્ધો, ઠંડુ યુદ્ધ અને વિચારધારાઓના સંઘર્ષ તેમજ ત્રાસવાદ જેવી અનેક રાજકીય કટોકટીઓનો સામનો કર્યો છે. આ રાજકીય કટોકટી માટેના જો કોઈ મુખ્ય કારણો હોય તો તે રાજયો (દેશ)ના હિતોના સંઘર્ષ, ધાર્મિક કટ્ટરતા, જાતિવાદ, આંતકવાદી સંગઠનો, બહુરાષ્ટ્રીય કંપનીઓ વચ્ચેની તીવ્ર સ્પર્ધા, શસ્ત્રો બનાવનારી કંપનીના અંગત હિતો વગેરેને જવાબદાર ઠેરવી શકાય. વર્તમાન સમયમાં ઉત્તર કોરિયા પોતે તૈયાર કરેલા અણુશસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રોનો દિન પ્રતિદિન પ્રયોગો કરી મહાસત્તાઓને પડકાર ફેંકે છે.
- જે વિશ્વશાંતિ માટે ચિંતાજનક બાબત છે. તો કેટલાક રાયો (દશો) આંતકવાદને કે ધાર્મિક કટ્ટરતાને પોષે છે. (પાકિસ્તાન જેવા રાજયો (દશો)) તો મહાસત્તાનું સ્થઆન ઝૂંટવવા માટે તત્પર ચીન પોતાના પાડોશી દેશોની

ભૌગોલિક સીમાઓને પચાવી પાડવાની જે વૃત્તિને પોસે છે તે ભારત, નેપાળ, તાઈવાન, તિબેટ, જપાન જેવા દેશો માટે ચિતા પ્રેરે છે,

### 4. ટૂંકનોંધ લખો : ચીપકો આંદોલન

- ચીપકો આંદોલનનું મૂળ : ચીપકો એક પહાડી શબ્દ છે, જેનો અર્થ ચોંટવું એમ થાય છે. ભારતના ઉત્તરપૂર્વના પહાડી વિસ્તારના આદિવાસી વિસ્તારોમાં સરકારે સ્થાનિક લોકોને પોતાની રોજી રોટી માટે જંગલની પેદાશો કે વૃક્ષો કાપવા દેવા પર પ્રતિબંધ મુક્યો અને ખાનગી કંપનીઓને વૃક્ષો કાપવાના પરવાના આપ્યા. જેની સામે સ્થાનિક આદિવાસીઓએ આંદોલન શરૂ કર્યું.
- ચીપકો આંદોલનનું સ્વરૂપ : ગૌરીદેવી નામની મઢિલાની આગેવાની હેઠળ ઉત્તરપૂર્વની મહિલાઓ એ એકત્ર થઈ ચીપકો માં દોલનની શરૂઆત કરી. આ આંદોલનના ભાગરૂપે આંદોલનકારીઓએ સંગઠિત થઈ ખાનગી કંપનીઓને એક પણ વૃક્ષ કાપવા ન દેવાનો નિર્ણય કર્યો. આ માટે એક વ્યક્તિ વૃક્ષને બાથ ભરીને ચીપકીને ઊભી રહેશે. જો વૃક્ષ કાપવું હોય તો વ્યક્તિને પહેલાં કાપવો પડે, આ મક્કમ સત્યાગ્રહમાં અન્ય લોકો પણ જોડાયા. જેને પરિણામે ગ્રામસ્વરાજ અને સહકારી મંડળીની રચના કરવામાં આવી. મંડળી સ્વરૂપે જેગલની ઉપજોના વહીવટ, વનસંપત્તિનું રણ જતન કરવાનું નક્કી કરાયું.
- ચીપકો આંદોલનની અસર : આ આંદોલનની અસરકારકતાને કારણે સરકારે 1050 ચોરસ કિ.મી.ના પ્રદેશમાં 10 વર્ષ સુધી એક પણ વૃક્ષ ન કાપવાનો નિર્ણય કરવો પડ્યો. ચીપકો આંદોલને ભારત અને વિશ્વના લો કોને અહિંસક અને સત્યાગ્રહના માર્ગે પર્યાવરણના રક્ષણ કરવાની પ્રેરણા પૂરી પાડી જે ભાવિ પર્યાવરણીય આંદોલનનું પ્રેરણાસ્ત્રોત્ર બની રહ્યું. ચીપકો આંદોલન પછી ભારતમાં ઈ.સ. 1980નું બિહારમાં જંગલ બચાવો આંદોલન, 1973માં કેરલમાં સાયલન્ટ વેલી પ્રોજેક્ટ આંદોલન, 1992નું નવધાન્ય આંદોલન અને 1985માં શરૂ થયેલ નર્મદા બચાવો આંદોલનો મુખ્ય છે.

### 5. ટૂંકનોંધ લખો : સ્ટોકહોમ પરિષદ

- પર્યાવરણના જતન અને ઉન્નતિ માટે યુએન દ્વારા વર્ષ 1973માં સ્ટોકહોમ ખાતે પરિષદ ભરવામાં આવી. આ પરિષદમાં કુદરતી સંસાધનો અને વન્યજીવનનું રક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ, પર્યાવરણ અને વિકાસ વચ્ચેના સંઘર્ષને દુર કરવા માટેના સુગ્રથીત અને તાર્તિક આયોજન, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો પર્યાવરણની સુધારણા માટે ઉપયોગી, વિકાસશીલ રાષ્ટ્રોને પર્યાવરણના રક્ષણ અને વ્યવસ્થાપન માટે આર્થિક સહાય કરવી જેવા 26 સિદ્ધાંત અંગે ઘોષણા કરવામાં આવી. વિશ્વના રાષ્ટ્ર માનવ પર્યાવરણ, જાળવણી માટે મહત્ત્વની બાબતો પર સંમત થયા બાદ પર્યાવરણ પાયો નાંખનાર સ્ટોકહોમ પરિષદે વિશ્વના રાષ્ટ્ર અને પર્યાવરણ સંબંધી નીતિઓ અને કાર્યક્રમો ઘડવાની અગત્યની રૂપરેખા પૂરી પાડે છે.

### 6. ટૂંકનોંધ લખો : સંયુક્ત રાષ્ટ્ર પર્યાવહરણ કાર્યક્રમ (UNEP)

- વિશ્વના રાષ્ટ્રોને પર્યાવરણને સાનુકૂળ હોઈ તેવી નીતિઓનું ઘડતર તથા તેના અમલમાં સહકાર આપવાના મુખ્ય હેતુ સર સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમની વર્ષ 1992માં સ્થાપના કરવામાં આવી (ઝ અને નૈરોબી ખાતે મુખ્ય કાર્યાલય ધરાવે છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ પર્યાવરણની જાળવણી માટે રાષ્ટ્રોને અને લોકોને નેતૃત્વ,

પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે અને રાષ્ટ્રીય પર્યાવરણની સ્થિતિ અંગે પર્યાવરણના વિવિધ પ્રભાવનું મૂલ્યાંકન કરે છે. વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય પર્યાવરણની સ્થિતી અને પ્રવાહોનું મૂલ્યાંકન કરવું.

- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્યાવરણના સાધનો વિકસાવવા. પર્યાવરણના સુવ્યવસ્થાપન માટે કામ કરતી વિવિધ સંસ્થાઓને મજબૂત કરે છે. પર્યાવરણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર પાંચમી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

7. ટૂંકનોંધ લખો : પૃથ્વી સંમેલન.

- વર્તમાન સમયમાં આ વિશ્વના અલગ અલગ દેશોની વિવિધ પ્રકારના પ્રદુષણોના કારણે પર્યાવરણને સીધું નુક્સાન થઈ રહ્યું છે. દિન પ્રતિદિન પ્રદુષણોનું પ્રમાણ વધી રહ્યું છે, જે પ્રત્યેક સજીવ માટે ખતરારૂપ બની રહ્યું છે. આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નના નિવારણ માટે એક નક્કલ ઉકેલ લાવવાની દિશામાં એક વિશાળ સંમેલન 1992 યોજાયું.
- બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલ આ પરીષદ રિયો પરીષદ તરીકે ઓળખાય છે. આ સંમેલનમાં ઝેરી વાયુઓનું ઉત્સર્જન કરતી ઉત્પાદનની પદ્ધતિઓમાં પરિવર્તન લાવવા, અશ્મિ બળતણ જેવા હાનિકારક ઉર્જાસ્ત્રોતોનોના પ્રાપ્તિસ્થાનોને બદલે વૈકલ્પિક ઉર્જાસ્રોતો શોધી તેનો ઉપયોગ કરવો. વ્યક્તિગત કે ખાનગી વાહનોના બદલે જાહેર વાહન વ્યવહારના સાધનોનો ઉપયોગ કરવો.
- પરિષદના અંતે જલવાયુ પરિવર્તન અને જૈવિક વિવિધતા વિષયક મહત્ત્વના કરાર થયા તેમજ પર્યાવરણ સંરક્ષણ માટેની વિવિધ પ્રકારની કાર્યલક્ષી યોજનાઓ અંગે મહત્ત્વના દસ્તાવેજો એવા “એજન્ડા21” રજૂ કરવામાં આવ્યા.

8. ટૂંકનોંધ લખો : ક્યોટો પ્રોટોકોલ.

- ક્યોટો પ્રોટોકોલ એ વૈશ્વિક તાપમાન વધારો અને જલવાયુ પરિવર્તન માટે જવાબદાર એવા ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવા અંગેની આંતરરાષ્ટ્રીય સંધિ છે. જે 1994થી અમલમાં આવેલી યુનાઈટેડ નેશનલ્સ ફ્રેમવર્ક કન્વેન્શન UNFCC સંધીને નક્કર સ્વરૂપ આપવા જાપાનમાં આવેલા ક્યોટા ખાતે સંધિ કરવામાં આવી હતી. જે ક્યોટો પ્રોટોકોલ તરીકે ઓળખવામાં આવે છે.
- ક્યોટો પ્રોટોકોલને 11 ડિસેમ્બર 1990માં વર્ષની આધાર વર્ષ ગણીને ચોક્કસ સમયમર્યાદામાં સામૂહિક રીતે ગ્રીનહાઉન વાયુઓના ઉત્સર્જનમાં 5.2 % ઘટાડો કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું. ઔદ્યોગિક રાષ્ટ્રો માટે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે 2008 થી 2012ની સમય મર્યાદા નિશ્ચિત કરવામાં આવી. પ્રથમ સમયગાળો પૂર્ણ થતા 2012માં કતારમાં દોહા ખાતે ક્યોટો પ્રોટોકોલના નિયમોના અમલ અંગે મુદત વધારવામાં આવી. ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવાનું બીજો સમયગાળો 2013 થી 2020 નક્કી કરવામાં આવ્યો.

### 9. ટૂંકનોંધ લખો : સાયલન્ટ વેલી બચાવો આંદોલન

- સાયલન્ટ વેલી કેરળના પાલકકાડા જિલ્લામાં આવેલું એક વિસ્તાર છે. ભારત સરકાર દ્વારા કુંતીપુઝ પર બંધ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ બંધ ઉપર હાઈડ્રોલિક પ્રોજેક્ટ દ્વારા વીજળીનું મોટાપ્રમાણમાં ઉત્પાદન કરવાનું આયોજન થતું હતું. તેને કારણે વન અને પર્યાવરણને મોટો ખતરો પેદા થાય તેમ હતો. સાઈલેન્ટ વેલી વિસ્તારમાં રહેલી અલભ્ય વનરાજી અને દુર્લભ જીવસૃષ્ટિના જીવન સામે પ્રશ્ન ઊભો થયો, આથી કરેળ શાસ્ત્ર સાહિત્ય પરિષદ દ્વારા આ બંધનો વિરોધ કરવામાં આવ્યો અને પર્યાવરણના રક્ષણ માટે જનજાગૃતિ ફેલાવતા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. અનેક લોકોએ તેને પ્રચંટ સમર્થન આપ્યું.
- 1973માં શરૂ કરાયેલું આંદોલન ધીમે ધીમે વેગ પકડવું સરકાર દ્વારા પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય તપાસ અર્થે નિમાયેલી સમિતિએ પણ પ્રોજેક્ટને લીધે પર્યાવરણને નુક્સાન થવાનો પોતાનો અભિપ્રાય આપ્યો. આથી ભારતના જે તે સમયના વડાપ્રધાન દ્વારા આ પ્રોજેક્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આખરે સાયલન્ટ વેલીને પ્રોજેક્ટ પડતો મૂકાયો. સરકાર દ્વારા વર્ષ 1984માં વન્યજીવો અને પર્યાવરણના દર્શનાર્થે સાઈલેન્ટ વેલીને રાષ્ટ્રીય ઉધાન તરીકે જાહેર કરવામાં આવ્યું.

### 10. ટૂંકનોંધ લખો : નર્મદા બચાવો આંદોલન.

- દેશની આઝાદીના સમયે ગુજરાતના કચ્છસૌરાષ્ટ્રમાં પાણીની જે તંગી હતી તેને દૂર કરવાના ભાગરૂપે સરદાર વલ્લભભાઈ પટેલના મનમાં નર્મદા નદી પર બંધ બાંધવાની એક પરિકલ્પના હતી. કેન્દ્ર અને રાજય સરકારોમાં આવતા વિવિધ રાજકીય પરિવર્તનો અને એક રાજકીય ઈચ્છાશક્તિના અભાવે આ યોજના વર્ષો સુધી નિષ્ક્રિય હતી. પરંતુ પાછલા એક દાયકામાં નર્મદા નદી પાણી વિતરણ અને તેના આયોજનો સ્પષ્ટ થતા જાય છે.
- નર્મદા નદી પર મોટો બંધ બાંધવાની યોજના શરૂ કરવામાં આવી. સરદાર સરોવર ડેમને કારણે વીજળી ઉત્પાદન અને લાખો લોકોને પીવાનું પાણી મળી રહે તેની સાથે ખેત પેદાશો માટે સિંચાઈ માટે પાણી પ્રાપ્ત થાય તેવો ઉદ્દેશ સાથે શરૂ કરાયેલી આ યોજનાનો પર્યાવરણના ક્રિયાશીલ દ્વારા વિરોધ કરવામાં આવ્યો.
- 1985 થી શરૂ કરાયેલા નર્મદા બચાવો આંદોલન બાદ કેટલાંક સ્થાનિક લોકો અને અમુક NGO જોડાયા હતા. સરોવર ડેમને કારણે વિસ્થાપિતોના પુનર્વસનનો પ્રશ્નનો મોટો હતો. વિસ્થાપિતોના પુનર્વસન ડૂબમાં ગયેલી જમીનો અને પર્યાવરણ નુક્સાન વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નર્મદા બચાવો આંદોલન શરૂ થયું. સરકાર દ્વારા વિસ્થાપીતોના પ્રશ્નો હલ કરાયા છે કે બંધના કારણે લાખો લોકોને પીવાનું પાણી મળે છે. કેટલાક વિસ્તારોમાં સિંચાઈ માટે પણ નર્મદાનું પાણી મળવાથી સૂકો વિસ્તાર આજે નવપલ્લિત બન્યો છે, સાથે સાથે ખેડૂતો પણ આર્થિક રીતે સુખી અને સંપન્ન બનતા જાય છે.
- આંદોલનમાં મેગા પાટકર અને અરૂણગતિ રોય જેવા કહેવાતા પર્યાવરણપ્રેમીઓ એ સક્રિય ભૂમિકા ભજવી. આની પાછળ કેટલાંક રાજકીય કારણો પણ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. વર્તમાન સમયમાં રાજકીય પક્ષો પોતાના રાજકીય હીતોને પાર પાડવા નર્મદા યોજનાને પોતાની યોજના તરીકે પ્રસ્થાપિત કરવાનું ચૂકતા નથી.

11. વૈશ્વિક સ્તરે થતા પર્યાવરણીય આંદોલનો પાછળના કારણ સ્પષ્ટ કરો.

- વિશ્વ આજે પર્યાવરણીય કટોકટીની સૌથી મોટા અનેક ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. વિકસિત રાષ્ટ્ર હોય કે વિકાસશીલ રાષ્ટ્ર, અમીર હોય કે ગરીબ રાષ્ટ્ર તમામ રાષ્ટ્રો આજે પ્રદૂષીત પર્યાવરણના ભોગ બન્યા છે. ભારતીય તત્ત્વચિંતક એવા મહાત્મા ગાંધીજીએ વર્ષો પહેલાં લખ્યું છે કે, ''પર્યાવરણની આપત્તિઓએ ભૌગોલિક, સાંસ્કૃતિક કે રાજકીય સરહદોની અવગણીને જ્યારે સમગ્ર સૃષ્ટિને પોતાના ભરડામાં લીધી છે.''
- જે માનવ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ બહુ જ અદ્ભુત છે, માનવી પોતાની મૂળભૂત જરૂરિયાતો નૈસર્ગિક સ્રોતોમાંથી સંતોષી શકે છે. માનવીની યોગ્ય અને ન્યાયી જરૂરિયાતો સંતોષવા નૈસર્ગિક સ્રોતો પૂરતા પ્રમાણમાં હતા. માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોમાં સમતુલના હોય તે જરૂરી છે. પરંતુ માનવીએ લોભ અને સંગ્રહખોરવૃત્તિએ પ્રકૃતિનું શોષણ અને વિનાશ કર્યો છે.
- પ્રકૃતિ સાથેના સંબંધો ભૂલીને મનુષ્યએ ખૂબ જ મોટું નુક્સાન પહોંચાડ્યું છે. માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધો અંગે દેશ તેમજ આવનારી પેઢીનો સહેજ પણ વિચાર કર્યા વિના માત્રને માત્ર વર્તમાન સમયમાં પર્યાવરણની ગંભીર કટોકટીને જન્મ આપતી રહી છે. આજની પેઢી સમૃદ્ધિ અને સુખાકારીનો વિચાર કરે છે. પર્યાવરણની તેઓ બિલકુલ પરવા કરતા નથી. મનુષ્ય પ્રાકૃતિક પ્રક્રિયાઓમાં વધુ પડતો હસ્તક્ષેપ કર્યો છે. આજે પર્યાવરણ સમતુલા ખોરવાઈ છે.
- પરિણામે માનવજીવનના અસ્તિત્વની સાતત્ય સાથે એક મોટો ખતરો પેદા થયો છે. વિશ્વમાં થઈ રહેલા વસ્તી વધારો, ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને આર્થિક વિકાસને વેગ આપવા માટે નૈસર્ગિક સાધનોનો । વિચાર અને બેફામ ઉપયોગ થાય છે.આજની જીવનશૈલી પર્યાવરણની દરકાર કર્યા વિના માત્રને માત્ર પભોક્તાવાદ સંસ્કૃતિને કારણે અલગ અલગ પ્રકારના ઝેરી વાયુઓનું પ્રમાણ વધ્યું છે અને તેને પરિણામે વૈશ્વિક તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે.
- જલવાયુ પરિવર્તન જેવી ગંભીર સમસ્યાઓએ બીજી અનેક સમસ્યાને જન્મ આપ્યો છે. તેને કારણે અવારનવાર દુષ્કાળ, ચક્રવાત, ભૂખલન, કમોસમી વરસાદ જેવી કુદરતી આફતોનો સમાનો કરી રહ્યું છે. આ કુદરતની ચેતવની છે, હજુ પણ કુદરતની કાળજી નહિ રાખીએ કે કુદરતનું જતન નહી કરીએ તો આવનાર સમય, આવનારી પેઢી માટે માત્ર કલ્પના જ કરવી રહી. આ કારણે કેટલાક જાગૃત આંદોલનકારીઓ પર્યાવરણના જતન માટે, પરિવારના રક્ષણ માટે પર્યાવરણ બચાવોના આંદોલનમાં સક્રિય બન્યા છે.